**જન્મદિને વધામણી**



**જયશ્રી ભાવિક પટેલ**
**મો. ૭૩૫૯૪ ૧૯૨૦૫**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## ડાયરેક્ટ ❤ સે

કર્મ કરો તો ફલ મિલતા હૈ
આજ નહીં તો કલ મિલતા હૈ
જિતના ગહેરા અધિક હો કૂંઆ
ઉતના હી મીઠા જલ મીલતા હૈ
જીવન કે હર કઠિન પ્રશ્ન કા
જીવન સે હી હલ મિલતા હૈ

ઈનોવેટીવ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન ટુરીઝમ દ્વારા

# વાઈલ્ડ લાઈફ સ્પર્ધામાં વિજેતા સુંદર ફોટોગ્રાફ્સ






વિશ્વ પ્રવાસન દિવસની ઉજવણી નિમિત્તે ઈનોવેટીવ કાઉન્સીલ ઓફ ઈન્ડિયન ટુરિઝમ દ્વારા વાઈબ્રન્ટ વાઈલ્ડ લાઈફ ફોટો કોન્ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૪૦૦થી વધુ ફોટોગ્રાફ પસંદ કરવામાં આવ્યા હતા. આ ફોટોગ્રાફનું પ્રદર્શન સાયન્સ સીટી, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં ૨૬ સ્પર્ધકોને કુલ રૂપિયા બે લાખથી વધુ રકમના ઈનામો અને સર્ટીફિકેટ ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના મેનેજીંગ ડિરેકટર એન. શ્રીવાસ્તવ તથા ગુજરાત પ્રવાસન વિભાગના અગ્ર સચિવ એસ. જે. હૈદરના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં ફોટોગ્રાફર મિત્રોએ ભાગ લીધો હતો. આ પ્રદર્શનમાં પ્રસ્તુત થયેલા કેટલાક અફલાતૂન ફોટોગ્રાફ્સ ખાસ 'ગાંધીનગર સમાચાર'ના વાચકો માટે.

## સેકટર-૪-એ ઓમકારેશ્વર મંદિરનાં પરિસરમાં યોજાયેલ કાનુની શિબિર

ગાંધીનગર, તા.૨૯

જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના ઉપક્રમે વોર્ડ કોર્પોરેટર પ્રવિણાબેન વોરાના પ્રમુખ સ્થાને મહિલાઓની એક કાનુની શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પેરા લિગલ વોલંટીયર સુધીર દેસાઈ દ્વારા વસિયતનામું તૈયાર કરવા અંગેની માહિતી આપવામાં આવી હતી. પી.એલ.વી. વિમલાબેન અયાચીએ સ્ત્રી ભ્રુણ હત્યા, ઘરેલું હિંસા, દહેજ વગેરેનાં દુષણો સામેના કાયદાના પ્રાપ્ત રક્ષણની વાત કરી હતી. જયારે પી.એસ.વી. રાજુભાઈ ગજ્જર, જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય અને સિતારામ પટેલે પણ કાનુની શિબિરમાં ઉપસ્થિત રહીને કાયદાઓની વિવિધ જોગવાઈથી સર્વે ઉપસ્થિત મહિલાઓને વાકેફ કર્યા હતા. પી.એસ.વી. જીગીશાબેને આભારવિધિ કરી હતી.

નવજીવન ટ્રસ્ટ ખાતે

## સાબરમતી જેલના કેદીઓ દ્વારા તૈયાર કરાયેલાં ચિત્રોનું પ્રદર્શન યોજાયું



ગાંધીનગર, તા. ૨૯

નવજીવન ટ્રસ્ટની સત્યઆર્ટ ગેલેરી ખાતે મંગળવારે જાણીતા ચિત્રકાર વૃંદાવન સોલંકીએ સાબરમતી જેલના કેદીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા ચિત્રોનું પ્રદર્શન ખુલ્લું મુક્યું હતું. આ પ્રસંગે નવજીવન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી વિવેક દેસાઈ, સાબરમતી જેલના સુપરિટેન્ડન્ટ શ્રી સુનીલ જોશી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રદર્શનમાં જેલના ત્રણ કેદી મનીષ પરમાર, નરેન્દ્રસિંહ રાઠોડ અને સુરેશ સંચાણા દ્વારા તૈયાર કરવામાં આવેલા કુલ ૩૧ ચિત્રો સામેલ કરવામાં આવ્યા હતા. ચિત્રકાર વૃંદાવન સોલંકીએ જણાવ્યું હતું કે, 'કેદીઓ દ્વારા બનાવેલા ચિત્રોના પ્રદર્શનને ખુલ્લુ મુકવામાં હું ઘણો આનંદ અનુભવું છું. સાથે જ આ લોકોની કલાને ઓળખીને તેને સામાન્ય જનતા સુધી લાવનારા નવજીવન ટ્રસ્ટ અને જેલ સુપ્રીટેન્ડન્ટનો આ પ્રયાસ આવકાર્ય છે.' આ પ્રસંગે હાજર રહેલા જેલ સુપ્રીટેન્ડન્ટ, શ્રી સુનીલ જોશીએ જણાવ્યું હતું કે, નવજીવન ટ્રસ્ટ દ્વારા આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં કેદી પોતાના ચિત્રોની વાત પોતાની ભાષામાં કરી રહ્યા છે. સાબરમતી જેલના કેદીઓ પહેલી વખત તેમની કલાને લઈ બહાર આવ્યા છે જેનો અમને ગર્વ છે. આ પ્રસંગે નવજીવન ટ્રસ્ટના મેનેજિગ ટ્રસ્ટી શ્રી વિવેક દેસાઈએ જણાવ્યું હતું કે, જેલમાં રહેલા કેદીઓની આવી અવનવી કલાઓને અમારા ટ્રસ્ટ દ્વારા સામાન્ય માણસ સુધી પહોંચાડવામાં અમે ઘણો આનંદ અનુભવીએ રહ્યા છીએ. આ પ્રદર્શન દ્વારા જે કેદીના જેટલા ચિત્રોના વેચાણથી જે રકમ આવશે તે તેઓને આપવાનો નિર્ણય જેલ સત્તાવાળાઓએ કર્યો છે.

## આજે આણંદ ખાતે ભાજપની પ્રદેશ કારોબારીની બેઠક

ગાંધીનગર, તા.૨૯

ભાજપના પ્રદેશ પ્રવકતા શ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે ભાજપાની પ્રદેશ કારોબારી આગામી તા. ૩૦ સપ્ટેમ્બર અને ૧ ઓકટોબરના રોજ પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષસ્થાને અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને પ્રદેશ પ્રભારી શ્રી ડૉ. દિનેશજી શર્મા, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષશ્રી પરશોત્તમભાઈ રૂપાલાની ઉપસ્થિતિમાં આણંદ જિલ્લાના બાકરોલ-વિદ્યાનગર ખાતે યોજાશે. કારોબારીમાં પક્ષના આગામી કાર્યક્રમો, રાજકીય પ્રસ્તાવ અભિનંદન પ્રસ્તાવ અને પંડિત દિનદયાળ ઉપાધ્યાય જન્મશતાબ્દિ પ્રસ્તાવ, પંડીત દીનદયાલ ઉપાધ્યાય જન્મ શતાબ્દિ વર્ષ અને સંગઠનાત્મક બાબતોની ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવશે.

## બ્રહ્મસમાજ સિનિયર સિટિઝન્સ ગૃપ દ્વારા ધાર્મિક સ્થળોનો પ્રવાસ યોજાયો



સમસ્ત બ્રહ્મ સમાજના સિનિયર સિટીઝન્સ ગ્રુપ દ્વારા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ દરમિયાન દ્વારકા, સોમનાથ, દીવ, મહુવા, તલગાજરડા, ગંગાસતી મંદિર સમઢીયારા અને માધાપુર મંદિર સહિતના સ્થળોની સિનિયર સિટીઝન્સ ગ્રુપના સભ્યોએ મુલાકાત લીધી હતી. પ્રવાસના અંતે સભ્યોએ આનંદની લાગણી વ્યકત કરી હતી.




સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગર ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઍનઍસઍસ એકમના વિદ્યાર્થીઓ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## નિગાહેં મિલાને કો જી ચાહતા હૈ...



કસ્તુરી તિલકમ, લલાટ પટલે, વક્ષઃસ્થલે કૌસ્તુભમ્‌ના ઉચ્ચાર સાથે 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે તત્ર રમન્તે દેવતા'ના પઠન સાથે એક તરોતાજા કાર્યક્રમ 'કુહૂ કુહૂ બોલે કોયલિયા' ગીત અને એ પણ શિર્ષક ાસથે દિપ્તી દેસાઈ, દર્શના ગાંધી, પરાગી અને નિકીતા શાહ જેવી સજ્જ ફિમેલ ગાયિકાઓ સાથે માત્ર મહિલાઓએ ગાયેલાં ગીતોનો કાર્યક્રમ સજ્યો હતો. બિથોવન નામના સંગીતકારે એની શ્રવણશક્તિ ગુમાવ્યા બાદ અદ્‌ભૂત સંગીત તૈયાર કર્યું હતું. સંગીત એ રોગ પર રૂઝ લાવવાનું અને મૅડિટેશન મોટિવેશનનું કામ કરે છે. હૃદયનાથ મંગેશકર એક કંપોઝીશન તૈયાર કરતા હતા અને એમની પાંચ વર્ષની દીકરી લતા દરવાજા બહારબેસીને સાંભળતી હતી. જ્યારે ગાયકે એમાં ભૂલ કરી ત્યારે તેણે આખી ધૂન-આલાપ સંભળાવ્યો. હૃદયનાથે બીજા દિવસથી સવારે છ વાગે તાનપુરા સાથે લતાને રિયાઝમાં બેસાડી અને લતા મંગેશકરનો ઉદય થયો... એવી રસપ્રદ વાત સાથે કાર્યક્રમ સંચાલક હેપ્પી ભાવસાર-નાયકે સંચાલન સંભાળ્યું. શરૂઆતથી જ અદ્‌ભૂત ગીત-સંગીતની અનુભૂતિ કાર્યક્રમમાં થવા લાગી હતી. સંસ્કૃતિ સંસ્થાના આ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન મનોજ જોષીએ કર્યું હતું જ્યારે પરમજીત છાબડાએ કલાકારોનું શાબ્દિક સ્વાગત અનો સુખદેવ પટેલે આભારવિધિ કરી હતી.

કાર્યક્રમ અંતર્ગત તબલાંની સંગત આપણા જ શહેરના કલાકાર બલ્લુ સિંધાએ કરીને 'વાહ ઉસ્તાદ' એવી દાદ પણ મેળવી હતી તો મહેબૂબ કી મહેંદી ફિલ્મના ગીતમાં કી-બૉર્ડ પર કળા દેખાડીને સંગીતકાર અમીત ઠક્કરે પ્રેક્ષકોની વાહવાહી લૂંટી હતી.

આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ એટલે સંચાલક હેપ્પી ભાવસાર-નાયક. ચિનુ મોદીનો એક શેર -


જાત ઝાકળની છતાં કેવી ખુમારી હોય છે ! પુષ્પ જેવા પુષ્પ પર મારી સવારી હોય છે !

-સાથે સાહિત્ય અને શમશાદથી સુનિધિ સુધીના ગાયકો અને ફિલ્મ, સંગીત, ગીતકાર બધાંની રસપ્રદ માહિતી આપીને રંગ રાખ્યો. ઉલ્લેખનીય છે કે હેપ્પી ગાંધીનગરની પુત્રવધૂ છે.

સંસ્કૃતિ સંસ્થાનો માત્ર ફિમેલ વોઈસ ગીતોનો આ કાર્યક્રમ સજ્જ કલાકારો અને સાજિંદાઓને લીધે મધુરો ને યાદગાર બની રહ્યો !

**- સંજય થોરાત**

## શિવરંજની દ્વારા 'તોહફા-એ-ગઝલ'

સુસંસ્કૃત સંગીત જેની નેમ છે એવી માત્ર અને માત્ર સંગીતને વરેલી ગાંધીનગરની એકમાત્ર સંસ્થા શિવરંજની દ્વારા એક અનોખો કાર્યક્રમ યોજાઈ ગયો. નામ જેવી જ વિશિષ્ટ મંચ સજાવટ અને નીવડેલા કલાકારોનો સંગમ એટલે કાર્યક્રમ 'તોહફા એ ગઝલ' સાચા અર્થમાં તોહફા બની રહ્યો. મૌસમના મિજાજે શ્રોતાઓને વધુ તરબોળ કર્યા.

કાર્યક્રમના મુખ્ય આકર્ષણ રહ્યા મુંબઈ સ્થિત મૂળ બંગાળી સુશ્રી અર્ચિતા ભટ્ટાચાર્ય, જેઓ શાસ્ત્રીય સંગીતમાં નિપુણતા ધરાવવા સાથે સુંદર કંઠના ધારક પણ છે. ટીવી સિરિયલ 'દિયા ઔર બાતી હમ' તેમજ અન્ય સિરિયલ્સના ટાઈટલ ટ્રેકમાં પોતાનો કંઠ આપવા ઉપરાંત શંકર-મહાદેવન સાથે પણ તેમણે પ્રસ્તુતિ આપેલી છે. નવી પેઢી ભારતીય શાસ્ત્રીય સંગીતને જાણે, માણે અને સ્વીકારે એ હેતુથી હાલમાં તેઓ પોતાનું આલ્બમ 'જોગીયા' રજૂ કરવાની તૈયારીમાં વ્યસ્ત છે. ઓગષ્ટ, ૨૦૧૬માં ચીન ખાતે યોજાયેલા ચાયના ફેડરેશન ઓફ આર્ટ સર્કલ કાર્યક્રમમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ઍચડીઍફસી બૅન્કમાં સિનિયર મેનેજર હોવા સાથે તેમણે નાની ઉંમરમાં સાચા અર્થમાં સંગીતને આત્મસાત કર્યું છે, તેવું એમની પ્રત્યેક પ્રસ્તુતિમાં પ્રતીત થતું હતું. એવા જ બીજા કલાકાર બીરેન્દ્ર વર્મા, ગુરુ ઉસ્તાદ મુનીરખાન સાહેબના શિષ્ય હોવા સાથે મસ્ત-મૌલા મિજાજી કલાકાર, સંગીત-ગઝલને સમર્પિત છે. કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખ વાગ્મિનભાઈ બુચે જણાવ્યું કે સંસ્થા ભારતીય સંગીતના વિવિધ પ્રકારોના સંવર્ધન અને સંરક્ષણ માટે પ્રતિબદ્ધ છે અને રહેશે. અફલાતૂન ગઝલોનો માહોલ પ્રેક્ષકોને કોઈ જુદી જ દુનિયામાં લઈ ગયો હતો ને એ પ્રવાહમાં પ્રેક્ષકો ખુશી ખુશી વહ્યા હતા. ઉર્દૂ ભાષાના સંસ્પર્શ અને ઘેઘૂર અવાજ ધરાવતા ઉદ્‌ઘોષકે જ્યારે કાર્યક્રમ સમાપ્તિની ઘોષણા કરી ત્યારે પણ શ્રોતાઓની ફરમાઈશ તો ચાલુ જ હતી. સાચે જ ધરવ ન થાય તેવી મદહોશ સંગીતની આ મિજબાની શ્રોતાઓ માટે ચિરસ્મરણીય બની રહેશે. સમગ્ર કાર્યક્રમ તેની ઉચ્ચ ગુણવત્તા, વિવિધતા અને લોગભોગ્યતાના સુરીલા સંયોજનથી નવી ભાત પાડી ગયો અને આમ શિવરંજનીની સુરીલી પ્રણાલી અકબંધ જળવાઈ રહી. ટીમ શિવરંજનીને અભિનંદન.

**- મમતા રાવલ**